સરકારી ધમકીની કોઇ ઇફેક્ટ રહી નથી!
બાંધકામ નિયમોની કોઇ ઇમ્પેક્ટ રહી નથી!
થઇ જાય ઇજેક્ટ જે બાથ ભીડે બિલ્ડરો સામે -
કડક કાયદાની કોઇ ઇમ્પેક્ટ રહી નથી..
(સજા સસ્તી થઇ)

ચોરની માતા,
રડે 'ફેસબૂક' માં -
'ભાજપા' માટે
(અડવાણીનું આત્મમંથન)

વખાણ્યો 'હીરો'
હવે હોદ્દે વળગ્યો -
દાટ સળગી!
('કૃષ્ણ લાલ-પીળા)

## ચિંતન

**ઉદારસ્ય તૃણં વિત્તં શૂરસ્ય મરણં તૃણમ્ ।**
**જિતાક્ષસ્ય તૃણં લોભો નિસ્પૃહસ્ય તૃણં જગત્ ॥**

ઉદાર વ્યક્તિને માટે ધન તણખલા સમાન છે. શૂરવીરને માટે મરણ તણખલાં સમાન છે, ઇન્દ્રિયોને જીતનાર માટે લોભ તણખલાં સમાન છે, નિસ્પૃહીને માટે આ જગત તણખલાં સમાન છે.

જેનું હૃદય વિશાળ છે અને ઉદારતાથી જેમના મન મોરી ઉઠ્યાં છે એમની વિચાર શક્તિ અને દાનવૃત્તિ બે કાંઠે વહેતી હોય છે. ધન-પૈસો-સમૃદ્ધિ એમને માટે તણખલાં સમાન હોય છે. જરૂરિયાતમંદ કોઇ પણ, કંઇ પણ અપેક્ષા રાખે ત્યારે એમનું ઔદાર્ય ઉછળે છે અને દાન આપે છે.

શૂરવીરની શક્તિ અને વીરની વીરતાને પણ ભયના બંધન કે દ્વિધાની મર્યાદા હોતી નથી. પ્રાચીનકાળમાં ગૌ-બ્રાહ્મણ-પ્રતિપાળની રક્ષા માટે રાજપૂત-રાજાઓ પ્રાણની પણ પરવા ન કરતાં જીવન અને જીવને તણખલાં સમાન સમજી ગમે તેવા ચોર-લૂંટારા દુશ્મન સામે પ્રજાના રક્ષણ માટે રણ સંગ્રામમાં કૂદી પડતા હતા.

જેમણે રસાસ્વાદ અને ઇન્દ્રિયો પર વિજય મેળવી લીધો છે. ઇચ્છાઓ પર કાબૂ મેળવી લીધો છે. સંતોષ એમનો સેવક થઇ બેઠો છે. એમની પછી કોઇ વાતની અપેક્ષા રહેતી નથી. લોભ-મોહ-કામ તેને માટે તણખલાં જેવાં છે.

જે નિસ્પૃહી - ઇચ્છારહિત - છે તેને માટે જગત આખું તણખલાં જેવું છે.

## સુવિચાર

- ખરાબ પરિસ્થિતિમાં જ સારા માણસો પરખાય છે - **બાર્સીગો**
- હજાર વર્ષનો યશ એક દિવસના ચારિત્ર્ય પર નિર્ભર છે - **રશ્કિન**
- ખરાબ માણસનું ભલું કરવું એ સારા માણસોનું ખરાબ બરાબર છે- **શેખ શાદી**
- મૂરખ માણસની મૂરખાઇ કે ભોળપણનો લાભ ઉઠાવવો એ પાપ છે - **આચાર્ય ચતુરસેન**
- વિવેક ફક્ત સચ્ચાઇમાં જ જોવા મળે છે - **ગેટે**
- નમ્રતા પથ્થરને પણ મીણ બનાવી દે છે - **પ્રેમચંદ**
- બુધ્ધિ કરતાં ચારિત્ર્ય મહાન છે - **એમર્સન**

## બોધકથા

આજે સમાજો ભયભીત છે, સચિવો-મંત્રીઓ - ખોટી હા-માં-હાં કરી ચમચાગીરી કરે છે. કોઇ અધિકારી સાચી સલાહ આપી નથી શકતો, જે બોલી સાચી સલાહ આપી શકે એવા વડીલોનાં મોઢે પૈસાંનો ડઠ્ઠો મારી એમનાં મોઢાં બંધ કરી દીધાં છે. નિષ્ઠા-ન્યાય હદપાર થઇ ગયાં છે. સત્ય અને હિંમત વિનાના સલાહકારો રાંકડા નિસ્તેજ થઇ ગયા છે.

ગ્રીસના સમ્રાટના દરબારનાં 'રાજગુરુ' નું નિધન થયું. સમ્રાટને કોઇ ગ્રીક ફિલસૂફ ડેમોસ્થેનીશનું નામ આપ્યું.

સમ્રાટે તેની મૂલાકાત લીધી અને પોતાની શરતો કહી. મને બહુ સલાહ નહીં આપવાની, હું પૂછું તો પણ મને ગમે તેવી જ સલાહ આપવી, વિદ્યા સહાયક તરીકે પગાર મળશે, કલાકો નિશ્ચિત નહીં, શોષણની ફરિયાદ કરવી નહીં.. વગેરે.

ડેમોસ્થેનીશે સ્પષ્ટ ના પાડી દીધી. પણ એવો જ એકાદ 'નિર્મલ બાબા' મળી ગયો અને સમ્રાટની બધી શરતો સ્વીકારી 'રાજગુરુ' તરીકે બેસી ગયો.

એ ડેમોસ્થેનીશને એક મળવા ગયો અને ત્યારે ડેમોસ્થેનીશ વાસણ ઘસતા હતા. ચહેરા પર માટીનાં છાંટા હતા. કપડાં બગડયાં હતા. તે જોઇ પેલો કહે તમે 'રાજગુરુ'નું પદ સ્વીકારી લીધું હોત તો આવા હાલ ન હોત!

મારું મોઢું તો ઢાલ ધોવાઇ જશે પણ તમારા જીવન પર લાગેલા ડાઘ જન્મો સુધી ભૂંસાવાનાં નથી.

પેલો રાજગુરુ કાળું પડી ગયેલું મોઢું લઇ ત્યાંથી સરકી ગયો.

# પ્રકૃતિને પ્રેમ અને તેના સહચર્યથી માનવ પર્યાવરણ પ્રદૂષણથી બચી શકે છે, એ રીતે ભારતીય સંસ્કૃતિ સદાય પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપે છે

## ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિન
## આપણી સંસ્કૃતિ અને પર્યાવરણ

**- નટવર હેડાઉ**

આપણી સંસ્કૃતિમાં પર્યાવરણની શુધ્ધતા પર પ્રાચીનકાળથી ધ્યાન આપવામાં આવ્યું છે. પ્રાચીનકાળમાં આપણે ત્યાં પાંચ ભૌતિક તત્વો અર્થાત પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને અગ્નિ બાબતે ઘણું લખવામાં આવ્યું છે. તેને પવિત્ર અને મૂળ તત્વો માનવામાં આવે છે. વેદો અને ઉપનિષદોમાં પંચતત્ત્વો, વનસ્પતિ તથા પર્યાવરણ સંરક્ષણની વિશદ ચર્ચા કરવામાં આવી છે. પ્રાચીન ઋષિ મુનિઓએ શરીરને પંચ ભૌતિક તત્ત્વોથી નિર્મિત માગ્યું છે. પ્રકૃતિમાં વાયુ, જળ, જમીન, વૃક્ષો અને છોડવાઓ જીવજંતુ અને માનવ વચ્ચે એક સંતુલન રહ્યું છે. જે આપણા અસ્તિત્વનો આધાર છે. દરેક સજીવ પોતાની જરૂરિયાતો માટે પ્રકૃતિ પર નિર્ભર છે. ખરું પૂંછો તો આધુનિક માનવ સમાજ માટે પ્રકૃતિ દ્વારા આપવામાં આવેલ પર્યાવરણ એક અમૂલ્ય ભેટ છે. તેનું સંરક્ષણ કરવું એ એક મોટી જવાબદારી છે. આધુનિક વૈજ્ઞાનિક યુગમાં એ જરૂરી છે કે પ્રકૃતિ દ્વારા આપવામાં આવેલ આ અણમોલ ભેટનો બુધ્ધિપૂર્વક ઉપયોગ કરવામાં આવે જેથી આવનાર પેઢીઓને પણ આપણે તે પ્રત્યે જાગૃત કરી શકીએ. પર્યાવરણ ચેતના અને પર્યાવરણ સંરક્ષણ એ આજના યુગની મુખ્ય માંગ છે. શાબ્દીક અર્થમાં આપણી આસપાસનું આવરણ (પરિ + આવરણ) એટલે જ પર્યાવરણ છે.

આપણી સંસ્કૃતિ આ ધરતી પરના સજીવોનાં પારસ્પરિક સંબંધો, સહ અસ્તિત્વની જરૂરિયાતને પ્રતિકાત્મક રૂપે સમજાવે છે, માનવ વિકાસના એક તબક્કે તેના બૌધ્ધિક તત્ત્વનો સમાવેશ થતાં તેણે પોતાની સિધ્ધિઓના ફળ સ્વરૂપે તેણે એવું સમજાવવાની કોશિષ કરી કે, 'યથા પિંડે તથા બ્રહ્માંડે' અને વિશ્વના પંચ તત્ત્વો (પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ) બધું ભેગું મળીને જે રચાય છે તે બ્રહ્માંડ છે. આર્ષ ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે -

સર્વે ભવન્તુ સુખિન, સર્વે સન્તુ નિરામય,
સર્વે ભદ્રાણી પશ્યન્તુ, મા કશ્ચિત દુઃખ સમભાવથી

આ શ્લોકમાં વિશ્વના સૌ પ્રાણીઓ પ્રત્યે સમભાવથી સ્વાસ્થ્ય અને સુખની કામના વ્યક્ત કરવામાં આવી છે. ઋગ્વેદનો એક મંત્ર છે. 'ધૃષતા વિશ્વવામિઃ અતિમિઃ પ્રાવઃ' અર્થાત આપણે ધૈર્ય સાથે સમસ્ત સંરક્ષણ શક્તિઓ દ્વારા આપણું સંરક્ષણ કરીએ.' વિશ્વં પુષ્ટિ ગ્રામે અસ્મિન્નાતુરમ્ । અર્થાત આ ગામમાં સૌ કોઇ નિરોગી અને રૂષ્ટપુષ્ટ છે. ઋગ્વેદના આ મંત્રમાં કહેવામાં આવ્યું છે કે, એ કયું વૃક્ષ છે જેનાથી બ્રહ્મા એ સૃષ્ટિનું સર્જન કર્યું. તેના પ્રત્યુત્તરમાં કહેવામાં આવ્યું કે બ્રહ્મરૂપ વૃક્ષથી સૃષ્ટિની રચના થઇ છે. વિશ્વમાં જે વૃક્ષો, વેલાઓ, જીવ જન્તુઓ અને સ્ત્રી પુરૂષો છે. તે સૌ ચૈતન્ય છે. તેમનું સંરક્ષણ વિષ્ણુ કરે છે. ઋગ્વેદના સુક્ત ૬૨,૬૩,૬૪ માં ઋષિએ વાયુ, અગ્નિ અને જળ માટે જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી છે. આપણી સંસ્કૃતિ સ્વની જગ્યાએ 'પર' પરાર્થ - પરમાર્થની પ્રેરણા આપે છે. આપણી સંસ્કૃતિના બે આદર્શો છે. વસુધૈવ કુટુમ્બકમ અને આત્મવત સર્વભૂતેષુ ।

આપણું રાજય વૈવિધ્ય સભર છે. અહીંયા બધી જ ઋતુઓ છે. અતુલ્ય ખનિજ સંપદા છે. વિસ્તૃત ભૂભાગ છે. પહાડો, વનો અને નદીઓ, ઝરણાં અને સરોવરો છે. વન્યજીવો છે. વિભિન્ન જાતિઓ છે. ધર્મ અને ભાષા, બોલીઓ છે. અર્થાત પ્રકૃતિના આશીર્વાદ છે. તેથી ગુજરાતમાં વસવાટ કરવા સૌ દેવો પણ આતુર રહે છે. તેથી જેટલું સ્વચ્છ પર્યાવરણ તેટલું જ ઉન્નત અને સુખી આપણું જીવન રહેશે તેમ કહી શકાય.




**પર્યાવરણ સંરક્ષણ એક પ્રાચીન પરંપરા**

પ્રાચીનકાળમાં આપણા ઋષિમુનિઓએ પાંચ ભૌતિક તત્ત્વોને દેવ સ્વરૂપ ગણ્યાં હતા. પ્રાચીન ઋષિ મુનિઓ અને મહાપુરૂષોએ પર્યાવરણીય ચેતનાને જનજીવન સાથે જોડી દીધી હતી. તેમની સમજ ખુબ ગહન અને વ્યાપક હતી. સંસ્કૃતિ સંસ્કારોનો સમુચ્ય છે. પ્રકૃતિના સહચર્યમાં જ આપણી સંસ્કૃતિ વિકસી છે. આપણી સંસ્કૃતિ અરણ્યની સંસ્કૃતિ છે. વનમાં જ ઉપનિષદોની રચના થઇ છે. હિમાલય યોગીઓ અને મુનિઓનું તપ સ્થળ બની રહ્યો. ત્રણ પ્રસિધ્ધ અરણ્ય નેમિષારણ્ય, દંડકારણ્ય અને પુષ્કરારણ્ય એ વાતની સાક્ષી પુરે છે. વનોમાં જ કલાના ઉત્કૃષ્ટ સર્જનો, પોળો સાબરકાંઠાના પ્રાચીન દેવાલય, હોય કે અજંતા ઇલોરાના ભવ્ય મંદિર, સ્ત્રીઓ વાત-તહેવારે જુદાં જુદાં વૃક્ષોની પુજા કરે છે. જેમ કે, વડ, પીપળ, લીમડો, આંબો તે પણ પર્યાવરણ સંરક્ષણનું પ્રતિક છે. લીમડો, સેવન અને અને આંબાને પવિત્ર વૃક્ષો માનવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં તુલસીનો બહુ મહિમા છે. તુલસીના ઔષધીય ગુણોને કારણે તેને આંગણાના ડૉકટર તરીકે ગણીએ તો પણ તેમાં અતિશ્યોક્તિ નહીં ગણાય. માનવ અને વૃક્ષો વચ્ચે સહ અસ્તિત્વની ભાવના આ શ્લોકમાં દર્શાવવામાં આવી છે.

મૂલ બ્રહ્મા, ત્વચા વિષ્ણું શાખા રુપે મહેશ્વરઃ ।
પત્રે પત્રે તુ દેવનામ્, વૃક્ષ રાજ નમોસ્તુતે ॥

વિવિધ પ્રાણીઓને આપણે વિવિધ દેવોના વાહન રૂપે ગણીને તેમની મહત્તા સ્વીકારી છે, અને તેમને સંરક્ષણ પ્રદાન કર્યું છે. શંકરનો નંદી, ગણેશનો ઉંદર, માં દુર્ગાનો સિંહ, લક્ષ્મીનું ઘુવડ, વિષ્ણુનું ગરૂડ, પૃથ્વીનો શેષનાગ, સરસ્વતીનો હંસ, યમરાજનો પાડો, કાર્તિકેયનો મોર, ઇન્દ્રનો હાથી, ભૈરવનો શ્વાસ જેવા વાહન આ વાતનાં પ્રતિક છે. તે જ રીતે આપણી સંસ્કૃતિમાં વિષ્ણુના દશાવતારમાં વરાહ અવતાર, નૃસિંહ અવતાર, મત્સ્યાવતાર, કચ્છપાવતાર વિગેરે પ્રાણીઓનું મહત્તા સમજાવે છે. 'જીવો જીવસ્ય ભોજનમ્' અનુસાર તેમાં અમુક એકબીજાંનાં ભક્ષક પણ છે. છતાં તેમને સમભાવે જોવામાં આવે છે. જળને વરૂણ દેવ રૂપે માનવામાંઆવે છે. સમુદ્રને પણ દેવ માની તેની પૂજા અર્ચના કરવામાં આવે છે. નદીઓ ને પવિત્ર માનવામાં આવે છે. આપણી સંસ્કૃતિનો વિકાસ નદીઓને કિનારે જ થયો છે. તે છતાં પ્રાચીન સંસ્કૃતિમાં નદી કે તળાવમાં મળમૂત્ર વિસર્જનને નૈતિક અપરાધ માનવામાં આવતો હતો.

ભારતીય ઋષિ મુનિઓએ પર્યાવરણના દરેક ઘટકને અને ઉપકરણને ધર્મ સાથે જોડી દીધું છે. જેથી લાંબા સમય સુધી તેનું પાલન થતું રહે. જૈન ધર્મમાં પણ પર્યાવરણ શુધ્ધિ અંગે ખુબ જ ધ્યાન આપવામાં આવ્યું છે. જીવજંતુઓને મારવાં એ અપરાધ છે. તેમાં પાણીને પણ કીટાણું રહીત કરીને પીવાનો રિવાજ છે. મહાભારતમાં શીબી રાજા એક કબૂતરને બચાવવા પોતાના જીવનનું બલિદાન આપવાનો સંકલ્પ કરે છે. લંકામાં સીતાએ અશોક વૃક્ષ નીચે રહેવાનું પસંદ કર્યું હતું. મોટા ભાગના હિન્દુઓ મૃતક સ્વજનના દાહ સંસ્કાર કરે છે. જેમાં બધાં પ્રકારના હાનિકારક જીવાણુઓ નાશ પામે છે. જે જમીનમાં દાટવાથી કે જળ પ્રવાહમાં વહાવવાથી શક્ય બનતું નથી. શબનો દાહ સંસ્કાર એ રીતે પર્યાવરણ શુધ્ધિની દૃષ્ટિ એ ઉચિત છે.

પ્રાચીન સમયમાં વિદ્યાર્થીઓ ગુરુના આશ્રમમાં રહી વિદ્યા અભ્યાસ કરતા. ત્યાં તેમને પ્રકૃતિના સાંનિધ્યનો પુરેપુરો લાભ મળતો હતો. આ એક જાતનું પર્યાવરણ પ્રત્યેનું આકર્ષણ છે. આપણી સંસ્કૃતિમાં યજ્ઞનું પણ ઘણું મહત્ત્વ છે. યજ્ઞનો ધુમાડો વાયુઓને શુધ્ધ કરે છે. તેમાં જે સામગ્રી હોવામાં આવે છે તેનાં જવલનથી વાતાવરણ પવિત્ર બને છે. અથર્વવેદમાં કહ્યું છે કે -

યેન પૂતા વેચિરગ્ન્યઃ પરિધ્યયઃ સહનેય પૂતાઃ ।
તેન સહસ્ત્રધારણ પવમાનઃ પુનાતુ મામ્ ॥

અર્થાત જેનાથી કુશા, આજય, હવિ, યજ્ઞ, વષટકાર તથા હવન કરવામાં આવેલી આહુતિઓ પવિત્ર બની છે તે સહસ્ત્ર ધાર સોમથી મને પવિત્ર કરો. યજ્ઞમાં આહુતિ આપતી વખતે 'સ્વાહા' શબ્દ બોલવામાં આવે છે. જેનાથી વાતાવરણમાં શુધ્ધતા અને ઉર્જા ઉત્પન્ન થાય છે. 'સ્વાહા' ને અગ્નિ દેવની પત્ની માનવામાં આવે છે. આકાશમાં ગ્રહ નક્ષત્રોને જોઇને જયોતિષીઓ તેમજ હવામાન શાસ્ત્રીઓ હવામાનની આગાહી કરે છે. પ્રાચીનકાળમાં જમીનનું અવલોકન કરીને જાણકારો ભૂગર્ભ જળનાં શ્રોતો અંગે જણાવતાં. તેમાં જુદા જુદા જીવજંતુઓ, પક્ષીઓ, માટીનો પ્રકાર અને વનસ્પતિને આધારે ભૂગર્ભમાં રહેલ ધાતુઓ તેમજ ખનિજ પદાર્થોની માહિતી મળતી હતી. દેવોની પૂજા-અર્ચના, તાંબાના વાસણમાં પાણી રાખવું, સુગંધિત ધૂપ કરવો, સૂર્યસ્નાન, પ્રાણાયામ, વૃક્ષ-પૂજન, પ્રાંતઃભ્રમણ, સરિતા સ્નાન, બ્રહ્મ મુહૂર્તમાં ઉઠવું વિગેરે આપણી આદિ સંસ્કૃતિમાં રહેલ પર્યાવરણ ચેતનાને દર્શાવે છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# આંતરિક વિકાસ વિનાનું બાહ્ય વ્યક્તિત્વ સુગંધ વિનાના ફૂલ જેવું છે, શિક્ષણનું ધ્યેય વિદ્યાર્થીના આંતરિક વ્યક્તિત્વનો વિકાસ કરવાનું હોવું જોઇએ

## શિક્ષણ અને ધર્મ

**- પ્રો. ડો. અંબાલાલ મો. પ્રજાપતિ**

ધર્મ એ આપણી સંસ્કૃતિની કરોડરજ્જુ છે. તેના વિના કરેલા સામાજિક, આર્થિક કે રાજકીય સુધારા પાયા વિનાની ઇમારત જેવા છે. શિક્ષણના સુધારની બાબતમાં પણ એવું જ છે. આપણે યાદ રાખવું જોઇએ કે આપણા ઋષિ મુનિઓએ શિક્ષણને પણ ધર્મની સાથે જોડયું હતું. ધર્મ એટલે માન્યતાઓ, પૂજાપાઠ, કર્મકાંડ, લાગણીઓ કે મનમાં તરંગો નથી. ધર્મ એ વિજ્ઞાન છે એ અંધશ્રધ્ધા નથી. આજનું વિજ્ઞાન જેમ બાહ્ય જગતનું સંશોધન કરી સત્યની શોધ માટે પ્રયત્નશીલ છે તેમ ધર્મ કે તત્ત્વજ્ઞાન આંતરિક કે આધ્યાત્મિક બાબતો પર સંશોધન કરી એક પરમ તત્ત્વને પામવાો પ્રયત્ન કરે છે. આપણા ઋષિમુનિઓ, મહાપુરૂષો અને દાર્શનિકોએ હજારો વર્ષોથી તપશ્ચર્યા ને અંતે શોધી કાઢેલા સનાનત મૂલ્યો એ જ ધર્મ છે. જે વ્યક્તિ, સમાજ અને વિશ્વને એક સૂત્રમાં બાંધીને સૌના વિકાસની વાત કરે છે. આને આધારે જ આપણા પ્રાચીન શિક્ષણશાસ્ત્રીઓએ 'સા વિદ્યા યા વિમુક્તયે' વિદ્યા તે છે જે મુક્તિ અપાવે એવી શિક્ષણની વ્યાખ્યા કરી હતી. આમ ધર્મ અને શિક્ષણ બંનેનું લક્ષ્ય એકજ હતું પણ આજે શિક્ષણ ધર્મથી વિખુટું પડી ગયું છે. શિક્ષણના અનેક પ્રશ્નો છે પણ શિક્ષણને ધર્મની સાથે જોડવું એ આજનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન છે. આધુનિક સમયમાં સ્વામી વિવેકાનંદે આ વાત સૌથી વધારે બુલંદ અવાજે કરી છે.

સ્વામી વિવેકાનંદ શિક્ષણની અપૂર્ણતા વિશે વાત કરતાં જણાવે છે કે વર્તમાન શિક્ષણ નકારાત્મક, કેવળ માહિતીપ્રધાન અને પરંપરાથી વિમુખ કરનારું છે, વિદ્યાર્થીના ચારિત્ર્યનું ઘડતર કરવું તે શિક્ષણનું લક્ષ્ય હોવું જોઇએ. નકારાત્મક શિક્ષણ મોત કરતાં પણ વધારે ભૂંડું છે. બાળકને નિશાળે મૂકો એટલે પહેલવહેલું તો એ એમ શીખે છે કે તેના પિતા મૂર્ખ છે, અને બીજું એ શીખે છે કે તેનો દાદો ચકમ છે, ત્રીજું એમ શીખે છે કે તેના શિક્ષકો દંભી છે અને ચોથું એમ શીખે છે કે તેના શાસ્ત્રો હળાહળ જૂઠાણા છે. ૧૬ વર્ષની ઉંમરે પહોંચતાં તો છોકરો નિર્જિવ, તાકાત વિનાનો, નકારાત્મક વાતોનો ભંડાર થઇ પડે છે. આગળ તેઓ જણાવે છે કે શિક્ષણ એટલે 'તમારા મગજમાં ભરવામાં આવેલી આખી જિન્દગી પચ્યા વિના ત્યાં પડી રહેલી માહિતિનો ઢગલો નહિ. આપણે તો જીવન ઘડનારા, મનુષ્ય ઘડનારા, ચારિત્ર્ય ઘડનારા વિચારોનું ગ્રહણ - મનન જોઇએ છે. જો તમે પાંચ વિચારોને પચાવ્યા હોય અને તેમને તમારા જીવન અને ચારિત્ર્યમાં ઉતાર્યા હોય તો જે માણસે આખું પુસ્તકાલય ગોખી માર્યું હોય તેના કરતાં તમે વધુ કેળવાયેલા છો. જો શિક્ષણ અને માહિતી એક જ વસ્તુ હોય તો પુસ્તકાલયો દુનિયામાં મોટામાં મોટા જ્ઞાનીઓ હોત અને વિશ્વકોષો મહાન ઋષિઓ થઇ ગયા હોત.'

વ્યક્તિત્વના વિકાસની બાબતમાં સ્વામી વિવેકાનંદ જણાવે છે કે, વ્યક્તિત્વ બે પ્રકારનું છે. આંતરિક અને બાહ્ય. આપણે શિક્ષણમાં માત્ર બાહ્ય વ્યક્તિત્વનો વિકાસ કરવા ઉપર ભાર મૂકીએ છીએ. આંતરિક વિકાસ વિનાનું બાહ્ય વ્યક્તિત્વ સુગંધ વિનાના ફૂલ જેવું છે. શિક્ષણનું ધ્યેય વિદ્યાર્થીના આંતરિક વ્યક્તિત્વનો વિકાસ કરવાનું હોવું જોઇએ. જયારે આંતરિક મનુષ્ય તૈયાર થઇ જાય છે, ત્યારે તેના વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ થાય છે. પછી જેમ પારસમણિ લોખંડને સ્પર્શે એટલે લોખંડનું સોનું બની જાય છે, તેમ જેના વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ થયો છે તેના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિને તે પ્રભાવિત કરે છે. આમ તેઓ શિક્ષણમાં સકારાત્મકતા, આત્મદર્શન અને આંતરિક વ્યક્તિત્વના વિકાસ પર વિશેષ ભાર મૂકે છે. આ બધું ધર્મની સાથે શિક્ષણને જોડ્યા સિવાય શક્ય નથી. શિક્ષણને ધર્મ કે આત્માની સાથે જોડવાની સાથે તેને વ્યાવહારિક કે જીવનને ઉપયોગી બનાવવા ઉપર વિશેષ ભાર મૂકતા. વિદેશી ભાષામાં બીજાના વિચારોનું રટણ કરી યુનિવર્સિટીઓની મોટી મોટી પદવીઓ પ્રાપ્ત કરી નોકરી મેળવવી એ શિક્ષણનો હેતુ નથી. તેનાથી તમને કે સમાજને શો લાભ? જે શિક્ષણ સમાજ કે જીવનના પ્રશ્નો ઉકેલવામાં સક્ષમ નથી, ચારિત્ર્યનું ઘડતર કરતું નથી. પ્રાણીઓ પર દયાભાવ કે સિંહનું સાહસ પેદા કરતું નથી. તે શિક્ષણ નથી.

શિક્ષણનું કોઇ પણ ક્ષેત્ર લઇને ધર્મના શિક્ષણ વિના તે અપૂર્ણ છે. ભણ્યા પછી વિદ્યાર્થી ડૉકટર; એન્જિનીયર, વકીલ, શિશક કે ઉદ્યોગપતિ થાય પણ તેનામાં ચારિત્ર્ય જ નહિ હોય, પ્રેમ, કરૂણા, ત્યાગ, પરોપકાર જેવા ગુણોનો જ વિકાસ થયો નહિ હોય તો તેનું જીવન પશુ જેવું જ હશે. એક સુભાષિતમાં કહ્યું છે, 'આહાર, નિદ્રા, ભય અને મૈથુન મનુષ્યોમાં અને પ્રાણીઓમાં સમાનરૂપે જોવા મળે છે. ધર્મ જ મનુષ્યને પશુથી જુદો પાડે છે. ધર્મ વિના તો તે પશુ સમાન છે. શિક્ષણ લીધું હોય પણ ધર્મ ન હોય તો તે શિક્ષિત પશુ કહેવાશે. મનુષ્ય તો નહિ જ કહેવાય. આપણા શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષણને જીવનમૂલ્યો સાથે જોડવા માગે છે. મૂલ્યનિષ્ઠ શિક્ષણની હિમાયત કરે છે પણ આ મૂલ્યો આકાશમાંથી ટપકવાનાં નથી. ધર્મને આધારે જ એ જીવન મૂલ્યોનો વિકાસ થાય છે. ધર્મના પાયા પર રચાયેલી શિક્ષણની ઇમારત જ સમાજમાં સુખ, શાન્તિ અને સાચી સમૃધ્ધિનો અહેસાસ કરાવી શકે.'

# માતાપિતાની સંસ્કાર પરંપરાને જાળવી રહેલાં કૃષ્ણકાન્તભાઇ ગૌશાળાની ગાયો, વૃધ્ધાશ્રમના વૃધ્ધો, મૂંગા જીવો, અનાથ-નિરાધાર લોકો પ્રત્યે અને ગરીબ, આર્થિક રીતે નબળા અને વિધવા માતાના સંતાનોની ફી માફી કરી આપે છે

## 'ડગલું ભર્યું કે ના હટવું' કૃષ્ણકાન્ત ધોળકીયા

## મોંઘેરાં મોતી

**- નટવર આહલપરા**

૧૯૭૮થી મેં ભાવનગરમાં કૉલેજમાં ભણતાં-ભણતાં દસમાં-બારમાં ધોરણનાં વિદ્યાર્થીને ભણાવવાનું શરૂ કરી દીધેલું. હું એક્ષપર્ટ, જ્ઞાનજયોત, એક્ટિવ અને જ્ઞાનગંગા કલાસમાં ભણાવતો હતો. ૧૯૮૦માં સરકારી નોકરી મળી. એટલે સવારે-સાંજે ભણાવવા જતો હતો. ૧૯૮૭માં જે વિભાગમાં નકોરી કરતો હતો. તે વિભાગ બંધ થયો અને મારી બદલી રાજકોટ થઇ. રાજકોટ જ્ઞાનગંગા કલાસિસમાં સંચાલક ભણાવવા આવવાનું ધોળકીયાનો સંપર્ક કર્યો. તેમણે મને કલાસિસમાં ભણાવવા આવવાનું આમંત્રણ આપ્યું. મેં અધ્યાપન કાર્યની અને મિત્રતાની શરૂઆત કરી.

મૂકસેવક, જીવદયાપ્રેમી, હંમેશા પીડ પરાઇ જાણનાર, ખરાં વૈષ્ણવજન. પિતા ગિરધરભાઇ અને માતા લલિતાબેનના પુત્ર નામે કૃષ્ણકાન્ત. જૂનાગઢ નરસૈયાની ભૂમિથી નજીકનાં રળિયામણાં માળિયા હાટીના ગામે જન્મ્યા. કૃષ્ણકાંત ગિરધરભોઇ ધોળકીયા. ભણ્યા બી.એસ.સી. સુધી એફ.સી. આઇમાં નોકરીએ જોડાયા. પણ જીવ શિક્ષકનો, બી.એડ્. ન કર્યું, હોવા છતાં માળીયા હાટીનાથી રાજકોટ આવી અને નાની એવી ઓરડીમાં પાર્ટીશન કરી ૧૯૭૨માં બે વિદ્યાર્થીઓને ટ્યુશન આપવાનો પ્રારંભ કરનાર કૃષ્ણકાંતભાઇને ચાલીસ વર્ષ પછી પણ ભૂતકાળનો સંઘર્ષ સોનેરી લાગે છે. તેઓ સાંઇઠ વર્ષ હટાવી ચૂક્યા છે.

કુસુમબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાઇ જીવનયાત્રા શરૂસ કરી. ત્યારના એ દિવસો કૃષ્ણકાન્તભાઇ ભૂલ્યા નથી. મિતુલ અને પુત્રી પૂજાના પ્રાપ્તિ થઇ. ઘરમાં મોટા પુત્ર. મોટાને માન પણ મળે અને મોટાએ ઘણીવાર ત્યાગવું પણ પડતું હોય છે. મોહનના મોહનથાળનો આસ્વાદ લેવા જતાં કૃષ્ણકાન્તે કડવા ઘૂંટડા પણ પીધા છે. ઘસાઇને બીજાને ઉજળા કરવા એ જેવાં - તેવાંનું કામ કામ નથી.

પોતે પાછળ રહી અનેક લોકોને સુખ-દુઃખમાં સાથ આપી આગળને આગળ વધાર્યા છે.

'જ્ઞાનગંગા' કલાસિસમાંથી કૃષ્ણકાંતભાઇના અનેક સંકલ્પોનાં ફણગાંફૂટ્યાંછે અને તેના ફળ સ્વરૂપ પરિવારજનોની સ્મૃતિઓ કાયમ જળવાઇ રહે તેવા શુભ હેતુથી સૌ પ્રથમ ગિરધરભાઇના પુત્ર સ્વ. શ્યામસુંદર ગિરધરભાઇ ધોળકીયાના નામે રાજકોટના મનહર પ્લોટમાં શાળાના શ્રી ગણેશ થયા. ઢોલ - શરણાઇ વાગી. અવિરત પ્રગતિના ગ્રાફમાં એક કલગી ઉમેરાણી.

સફળતા માટે ટોચ સુધી પહોંચવાની સતત ઇચ્છા રાખનારા કૃષ્ણકાન્તભાઇને અને પરિવારને જબરો આઘાત સહન કરવો પડ્યો. પિતા ગિરધનભાઇનું અવસાન થયું. આ આઘાતમાંથી બહાર નીકળી. પિતાની સ્મૃતિમાં પંચાયત ચોક પાસે જી. કે. ધોળકીયા શાળા સંકુલ ઉપરાંત મવડી પ્લોડમાં તેમનાં માતુશ્રી લલિતાબહેનની સ્મૃતિમાં શાળાના પ્રારંભથી તેઓ અટકયા નથી. પણ, તાજેતરમાં જ દોઢસો ફૂટ રિંગ રોડ પર બાલાજી હૉલ પાસે કે.જી. ધોળકીયા શાળા પણ શરૂ થઇ.

પાંચ કલાસિસ અને પાંચ શાળા સંકુલનું રીમોટ એટલે કૃષ્ણકાન્તભાઇ ધોળકીયા.

પરિવાર ઉપર આકસ્મિક કુઠરાઘાત આવી પડે છતાં હસતાં મુખે સહન કરવાની શક્તિ કૃષ્ણકાન્તભાઇમાં હરહંમેશ મેં જોઇ છે. પ્રશ્નો, સમસ્યા, આફત તો અણધારી જ આવે ને છતાં તેનો સામનો કરવો અને અને તેમની શિક્ષણ સંસ્થાઓના વિકાસને લેશ માત્ર અસર ન થાય. તેવું નેટવર્ક તો તેઓ જ ગોઠવી શકે.

મોટા ભાગે ઘણાં લોકોને પ્રૂફ જોવાનો કંટાળો અનુભવતા હોય અથવા ભાગ્યે જ કોઇ શાળા સંચાલકને પ્રૂફ જોવાનું ફાવતું હશે. પણ કૃષ્ણકાન્તભાઇ વાલી, વિદ્યાર્થી માટેના પત્રો હોય, સંસ્થાનું સાહિત્ય, જાહેરાત હોય પણ મોટે ભાગે પ્રૂફ જાતે અને પૂરેપૂરો રસથી, પધ્ધતિસર રીતે જુએ, જેનાથી હું વાકેફ છું.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### પમી જૂન

- ૫ જૂન ઈ.સ. ૫૯૦, હુણોના આક્રમણને મારી હરાવનાર રાજા હર્ષનો